# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની જાહેર પરીક્ષાઓ માર્ચ-૨૦૧૮ માં લેવામાં આવનાર છે. પરીક્ષાની શરૂઆત તા.૧૨/૦૩/૨૦૧૮ થી રાજ્યના વિવિધ કેન્દ્રો ઉપર થનાર છે. બોર્ડ દ્વારા તા.૨૮/૦૨/૨૦૧૮ ના રોજ જિલ્લા કક્ષાએ વિતરણ કેન્દ્રો ઉપર ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની જાહેર પરીક્ષાની હોલ ટિકીટ પહોંચાડવામાં આવશે અને તેનું વિતરણ સંબંધિત શાળાઓને તા.૦૧/૦૩/૨૦૧૮ ના રોજ ૧૧:૦૦ થી ૧૬:૦૦ કલાક દરમ્યાન કરવામાં આવશે. સંબંધિત શાળાઓ દ્વારા પરીક્ષાર્થીઓને તા.૦૧/૦૩/૨૦૧૮ થી વિતરણ શરૂ કરવામાં આવશે. સંબંધિત શાળાઓએ હોલ ટિકીટ જિલ્લા વિતરણ કેન્દ્રો ઉપરથી મેળવીને સંબંધિત શાળાઓએ પરીક્ષાર્થીઓને પહોચાડી દેવાની રહેશે. સંબંધિત શાળાના આચાર્યશ્રી દ્વારા કોઈપણ પરીક્ષાર્થીને હોલ ટિકીટ ન પહોચાડવામાં આવે તેવો પ્રસંગ ઉપસ્થિત ન થાય તે જોવા જણાવવામાં આવે છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સંચાલિત ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરીક્ષાઓ માટે કોઈ પરીક્ષાર્થીને કોઈપણ કારણસર હોલ ટિકીટ શાળા તરફથી ન મળે તો તેઓએ તાત્કાલિક સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનું ધ્યાન દોરવાનું રહેશે અને બોર્ડના હેલ્પલાઈન નંબર <u>૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦</u> પર જાણ કરવાની રહેશે. હોલ ટિકીટ તમામ પરીક્ષાર્થી / વિદ્યાર્થીઓને મળે તે જોવાની જવાબદારી સંબંધિત શાળાના આચાર્યની છે અને શાળાના આચાર્યશ્રી દ્વારા તેમાં કોઈ ચૂક ન થાય તેની ખાતરી કરવાની રહેશે. નિયત કરેલ વિતરણ કેન્દ્રોની યાદી બોર્ડની વેબસાઈટ **www.gseb.org** ઉપર મૂકવામાં આવેલ છે.

તારીખ :- ૨૩/૦૨/૨૦૧૮

ક્રમાંક: માવિ.૬/પરીપત્ર/૨૦૧૮/૩૭૭૨

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા,પાલનપુર
તા.૨૬/૦૨/૨૦૧૮

<u>નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.</u>

- પ્રતિ,
 આચાર્યશ્રી,
 સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ (શાળાઓ તમામ)

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

<u>હોલ ટિકિટ મેળવવાનું સ્થળ-</u>
માતૃશ્રી એસ.બી.વી.ચાવડા સરસ્વતી હાઈ.ઢુંઢિયાવાડી, પાલનપુર